

(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

માર્ગ સલામતિ હાલના સમયમાં ખૂબ આવશ્યક બની છે. માર્ગ સલામતિની સમજણ અને તાલીમ બાળકોને -ાથમિક કક્ષાએથી જ મળે તે ખૂબ જરૂરી છે. આ માટે આ શાળાએ એક ખાસ અભિયાન શરુ કર્યુ છે. British Council Þë ISA-International School Award અંતર્ગત 'Safety Local and Global' -ોજેક્ટ શાળામાં ચાલી રહ્યો છે. આ -ોજેક્ટ અંતર્ગત માર્ગ સલામતિ માટે ખાસ કાર્યશાળાનું આયોજન થયું હતું. અમદાવાદથી શ્રી અમિત ખત્રી ( મેસરી રોડ સર્વિસીઝ )નિષ્ણાત તરીકે પધાર્યા હતા. ઈડર મામલતદાર, ટ્રાફીક ઈન્સ્પેક્ટર અને ટીમ, પોલીસ સ્ટાફ, સ્કૂલ બસ ડ્રાઈવર્સ તથા શાળાના બાળકોને શ્રી ખત્રીએ ટેકનોલોજીની મદદથી -ાયોગિક તાલીમ આપી હતી. શાળાના બાળકોએ માર્ગ સલામતિ માટે -તિજ્ઞાપત્ર તૈયાર કર્યુ છે. ઈડર અને આસપાસના વિસ્તારમાં વાહન ચાલકો પાસે આ -તિજ્ઞાપત્ર ભરાવવાનું ખાસ અભિયાન ચાલી રહ્યું છે. અકસ્માત નિવારવાના ઉપાયો, સિટ બેલ્ટ, હેલ્મેટની ઉપયોગીતા, ટ્રાફીક સિગ્નલ્સ વગેરેની બાળકોને આ ઉંમરે મળેલ માહિતી ભવિષ્યમાં માર્ગ સલામતિ માટે ખૂબ ઉપયોગી થશે. શાળા અને ઘરે સલામતિ માટે તાલીમ આપવાના શાળાના -યત્નો ખરેખર -સંશનીય છે.

# ડીસામાં સ્ટ્રીટ લાઈટ પોલ વીજ ડીપી પર પડતા મજુરને વીજ શોક લાગ્યો

ડીસા નગરપાલિકામાં ખાનગી કોન્ટ્રાકટરો કેવું બમેબમ ચલાવે છે તેની પુરાવા રૂપ ઘટના ડીસા ચંદ્રલોક સોસાયટી રોડ પર બનવા પામી છે. જેમાં સ્ટ્રીટ લાઈટનો મસ મોટો પોલ કોઈ પણ આધાર વિના લગાવવા મથતાં ત્રણ મજુરો પોલ સાથે રોડ પર પટકાયા હતા અને આ પોલ બાજુમાં જ આવેલ વીજ ડીપી પર ખાબકતા ધડાકા સાથે શોટ સર્કીટ સર્જાઈ હતી. ડીસામાં પાલિકા દ્વારા હાથ ધરાયેલા વિકાસ કામોમાં નવીન ચંદ્રલોક સોસાયટીનાં બનતા રોડ પર રાત્રે ૯ કલાક આસપાસ એક અકસ્માતની ઘટનામાં એક મજુર સ્ટ્રીટ લાઈટના થાંભલા સાથે નીચે પટકાતા અને આ પોલ બાજુમાં જ આવેલી વીજ ડીપી સાથે ધડાકા ભેર અથડાતા શોટ સર્કીટ થઈ હતી. જેમાં ત્રણ મજુરોમાંથી એકને વીજ શોક લાગતા તે તરફડીયા મારતો હતો જેને તે બાદ ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી અને વધુ સારવાર માટે પાલનપુર ખસેડાયો હતો. જયારે વીજ કંપની પણ આ અકસ્માતની ઘટના એ ઘટના સ્થળે પહોંચી હતી અને વીજ ડીપી સાથે જોડાયેલા પોલને દુર કર્યો હતો.

આવા ગંભીર જોખમી કામો ખાનગી કોન્ટ્રાકટરો શહેરીજનો, નાગરિકો અને તેમનું કામ કરતા મજુરોનાં જીવ જોખમાય તે રીતે કરે છે જેની કોઈ જ ચકાસણી તંત્ર કરતું નથી. અકસ્માત સર્જાયો ત્યારે આજુબાજુ અનેક નાસ્તાની લારીઓ પર ગ્રાહકો ઉભા હતા જો તૂટેલા પોલથી જીવંત વીજ વાયર તુટયો હોત તો તેના સંપર્કમાં આવતા અનેકોએ જીવ ગુમાવ્યો હોત ત્યારે આ થઈ રહેલા આ અકસ્માતની તંત્ર તપાસ કરે તે જનહિતમાં જરુરી છે.

# ખેડબ્રહ્મામાં કૂવાની તુટેલી પાળ બાળકો માટે જોખમકારક



ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મા શહેરમાં આવેલ ગામ વિસ્તારની તાલુકા પ્રાથમિક શાળા નં. ૧ પાસે આવેલ કુવાની પાળ તુટી ગઈ છે. કુવાની આસપાસ રમતા શાળાના વિદ્યાર્થીઓ માટે આ કૂવો જોખમરૂપ સાબિત થાય તે પહેલા તંત્ર દ્વારા કૂવાની પાળનું રીપેરીંગ કરવામાં આવે તેવી રહીશોની લાગણી અને માંગણી છે.

ખેડબ્રહ્મા નગરપાલિકાના વોર્ડ નંબર-૨ ના વિસ્તારની તાલુકા શાળા નંબર-૧ પાસે જૂનો જર્જરીત કૂવો આવેલો છે. આ કૂવાની પાળ તુટી જવા પામી છે. જ્યારે અંદરની બાજુએથી પણ કૂવો જર્જરીત છે. શાળામાં અભ્યાસ કરતાં બાળકો શાળાના સમય પહેલા, રીષેશમાં તેમજ શાળા છુટ્યા બાદ રમતા હોય છે અને કૂવામાં ડોકીયા કરતાં હોય છે. જેથી આ તુટી ગયેલી પાળ નાના બાળકો માટે જોખમરૂપ છે. કૂવાની પાળના રીપેરીંગ માટે નગરપાલિકા અને વોર્ડના સભ્યોને અનેકવાર રજૂઆત કરવામાં આવી છે. છતાં પણ કોઈપણ કાર્યવાહી કરવામાં આવી નથી. શું તંત્રના અધિકારીઓ કોઈ દુર્ઘટના ઘટે તેની રાહ જોઈ રહ્યા હોય તેવું પ્રજાજનોને લાગી રહ્યું છે. આ તુટી ગયેલા કૂવાની પાળનું સત્વરે રીપેરીંગ કરવામાં આવે તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

# સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સંયુક્ત ઉપક્રમે યોજાશે સાયક્લોથોન

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સંયુક્ત ઉપક્રમે પ્રજાસત્તાક પર્વની ઉજવણી થઈ રહી તે નિમિત્તે ઈતિહાસના ભવ્ય વારસાને સાચવવા અને પર્યાવરણ અંગે જન જાગૃતિ લાવવાના આશયથી જિલ્લા વહિવટીતંત્ર દ્વારા વિજયનગરની પોળોમાં સાયક્લોથોનનું આયોજન કરવામાં આવ્યું છે.

અરવલ્લીની ગીરીમાળાઓમાં આવેલું વિજયનગર વન સમૃદ્ધિ અને વન સંપત્તિ તથા પ્રાકૃતિક સૌંદર્યના કારણે દૈદિત્યમાન છે તેમજ પ્રાચીન સ્થાપત્ય, પૌરાણિક પોળ અને ઐતિહાસિક સ્મારકો તેમજ સુંદર પર્યટન સ્થળો વિજયનગરની નૈસર્ગિક સૌંદર્યધામ તરીકે આગવી ઓળખ ધરાવે છે. આ ભવ્ય વારસાને સાચવવા અને તેને યોગ્ય પર્યટન ધામ તરીકે વિકસાવવા તેની જાગૃતત્તા માટે ભવ્ય સાયકલરેલીનું તા. ૧૨ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ આયોજન કરવામાં આવ્યું છે. આ સાયક્લોથોનમાં જિલ્લાના નવયુવાનો સહિત તમામ લોકો ભાગીદારી નોંધાવી શકશે. ટુર ડી પોળો સાયકલોથોનમાં ભાગ લેવા માટે www.tourde-polo.com, www.tourde-polo.in ઉપર ૭મી જાન્યુઆરી ૨૦૧૪થી રજીસ્ટ્રેશન કરાવી શકશે.

# સુરક્ષાસેતુ સોસાયટી દ્વારા તલોદની ટ્રિનીટી સ્કૂલ ખાતે જિલ્લાની ચિત્ર સ્પર્ધા યોજાઈ

તલોદ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે આવેલ પ્રતિષ્ઠિત ટ્રિનીટી સ્કૂલમાં ગુજરાત સરકાર દ્વારા રચિત સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા તા. ૨૦મી ડિસેમ્બરે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. આ ચિત્ર સ્પર્ધામાં જિલ્લાના ૭૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા પોલીસ અને પ્રજા વચ્ચે સેતુ બંધાય તે હેતુથી અનેક પ્રકારની રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. ટ્રિનીટી શાળા ખાતે યોજેલ આ ચિત્ર સ્પર્ધાનું જિલ્લા પોલીસ અધિક્ષક અને તેમની ટીમ દ્વારા સંકલન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ટ્રિનીટી શાળાના પ્રાથમિક વિભાગમાંથી ૧૦ વિદ્યાર્થીઓ અને માધ્યમિક વિભાગના પણ ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કુલ ૧ થી ૫ ક્રમના વિજેતા જાહેર કરાયા હતા. જેમાં ટ્રિનીટી શાળાની ધોરણ-૭માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કુ. વિનલ મકવાણાએ ચતુર્થ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ હતું. શાળા પરિવાર અને સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા વિજેતાઓને અભિનંદન સાથે ટ્રોફી, રોકડ ઈનામ અને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા.

# તલોદની સી.ડી. પટેલ હાઈસ્કૂલનું ધોરણ-૧૨ સેમેસ્ટર-૩નું પરિણામ જાહેર

તલોદ, તા. ૨૧

ધી તલોદ કેળવણી મંડળ દ્વારા સંચાલિત શ્રી સી.ડી. પટેલ હાઈસ્કૂલનું એચ.એસ.સી. બોર્ડના ધોરણ-૧૨ના સેમેસ્ટર-૩નું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરાયું હતું. આ પરિણામમાં ઋત્વિક શાહે કુલ ૫૦૦માંથી ૪૫૬ ગુણ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. આ ઉપરાંત શુભમ શાહે ૪૪૭ ગુણ મેળવી દ્વિતિય અને મહમદઅયાઝ વ્હોરાએ ૪૪૯ ગુણ મેળવી તૃતીય સ્થાન મેળવ્યું હતું. શાળા પરિવારે ઉત્કૃષ્ઠ પરિણામ દ્વારા સંસ્થાનું ગૌરવ વધારવા બદલ આ તેજસ્વી તારલાઓને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ખેડબ્રહ્મા ખાતે પેન્શનર ડે નિમિત્તે સ્ટેટ બેંકમાં નિવૃત્ત કર્મચારીઓની સભા યોજાઈ

ખેડબ્રહ્મા, તા.૨૧

ખેડબ્રહ્મા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના સભ્યોની પેન્શનર ડે નિમિત્તે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ખાતે એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં મંડળના સભ્યો અને બેંકના કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

આ પ્રસંગે ઉપસ્થિત મંડળના સભ્યોને બેંકના બ્રાન્ચ મેનેજર એ.એચ. ભગોરા તેમજ એકાઉન્ટન્ટ એલ.એમ. ખરાડીએ આવકાર્યા હતા અને બેંકીંગ સેવાઓ અને ચેરીટેબલ પ્રવૃત્તિઓ અંગે આંકડાકીય માહિતી આપી હતી. જયારે મંડળના સભ્યોએ નિવૃત્ત કર્મચારીઓના કેટલાંક પ્રશ્નોની રજુઆત કરી હતી. મંડળના પ્રમુખ કીર્તિકુમાર જોષીની દીર્ઘકાલીન સેવાઓ બદલ બેંક મેનેજર ભગોરાએ શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. સભાના અંતે કેશ ઓફીસર એમ.એમ. ત્રિવેદીએ ઉપસ્થિત સૌ સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો.

# ઉનાવા પાસે માર્ગ અકસ્માતમાં એકનું મોત

મહેસાણા, તા. ૨૧

અમદાવાદથી ઉનાવા મીરાંદાતારની દરગાહ પર જઈ રહેલ બે બાઈક સવારોને માર્ગમાં નંદાસણ નજીક અકસ્માત નડતાં એક મુસ્લિમ યુવાનનું કરૂણ મોત નિપજ્યું હતું. વિગત એવી છે કે અમદાવાદ શહેરના જુહાપુરામાં રહેતા શહાજુદ્દીન અલાઉદ્દીન અંસારી પોતાના મિત્ર સાથે બાઈક પર અમદાવાદથી ઉનાવા મીરાંદાતારની દરગાહે દર્શન કરવા માટે જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં નંદાસણ નજીક ધનાલી પાટીયા પાસે સાંજના સમયે રોડ પર અચાનક ગાય આવી જતાં બાઈક ડીવાઈડર સાથે અથડાયું હતું. જેથી શહાજુદ્દીન અંસારીને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેઓને તુરત સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું કરૂણ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે નંદાસણ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સાબરકાંઠા જિલ્લામાં સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક કલેક્ટરશ્રી બંછાનિધિ પાનીના અધ્યક્ષ સ્થાને આજે હિંમતનગર ખાતે યોજાઈ હતી.

આ બેઠકમાં પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા બેઠકમાં હાજર રહી વીજળી, ગામતળ અને શહેરી દબાણને ખુલ્લા કરવા તેમજ શિક્ષણને લગતા પ્રજાકિય કલ્યાણના પ્રશ્નોની સંકલન સમિતિમાં રજૂઆત કરી હતી. જેનો યોગ્ય નિકાલ લવાયો હતો.

વધુમાં કલેક્ટરે જણાવ્યું હતું કે, રાજ્યકક્ષાનો પ્રજાસત્તાક પર્વ ૨૬ જાન્યુઆરી-૨૦૧૪ ની ઉજવણી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સંયુક્ત ઉપક્રમે કરવામાં આવી રહી છે. ત્યારે આ લોકોત્સવમાં જનભાગીદારીથી વધુમાં વધુ લોકો સામેલ થઈ શકે અને રાષ્ટ્રીય પર્વની ગર્વભેર ઉજવણી થઈ શકે તે દિશામાં કામગીરી કરવા ઉપસ્થિત અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

ઉપરાંત કલેક્ટર બંછાનિધિ પાનીએ સરકારી કર્મચારીઓના પેન્શન કેઈસો એક વર્ષ પહેલા જ રજૂ કરવા જેથી નિવૃત્ત થનાર કર્મચારી/ અધિકારીને શરૂઆતના માસથી જ પેન્શન મળતું થાય તેમ કરવા અમલીકરણ અધિકારીઓને ભારપૂર્વક સૂચના આપી હતી. ઉપરાંત સરકારી કચેરીઓના લેણા વસૂલાત કરવા સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી નાગરાજન, જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયા, અધિક કલેક્ટરશ્રી એસ.ડી. ધાનાણી સહિત પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ સહિત અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ''રઘુવંશી'' ફીલ્મના કલાકારો ડીસાની મુલાકાતે

ડીસા કચ્છી કોલોની ખાતે ભેંસાણા ગૌશાળાના લાભાર્થે કથા બેસાડવામાં આવેલ છે. આ કથામાં દાનનો પણ ધોધ વહી રહ્યો છે. જેમાં કથાનું રસપાન શ્રી પ્રવિણભાઈ ભગત કરાવી રહ્યા છે. આ કથામાં પ્રભુ પ્રેરણા પ્રસાદ નામની પુસ્તીકાનું વિમોચન શ્રી અમરદાસ બાપુ દ્વારા કરવામાં આવેલ. કથા દરમ્યાન ટુંકજ સમયમાં લોહાણા સમાજની ફીલ્મ ''રઘુવંશી'' ના કલાકારો રાજેશભાઈ પુજારા, ચંદ્રકાન્તભાઈ ઠક્કર (મેહ), દિલીપભાઈ ઠક્કર, જાનકભાઈ ઠક્કર (પૂજારા), આરતીબેન મણીયાર , સુનીલ વાઘેલા સહિતની તમામ ટીમે આ કથાની મુલાકાત લઈ શ્રી અમરદાસ બાપુ ના આશીર્વાદ મેળવેલ. ત્યારબાદ તમામ કલાકારો ડીસાના જલારામ મંદિરે પૂજ્ય શ્રી જલારામ બાપાના દર્શન કરી આવનારી ''રઘુવંશી'' ફીલ્મ વિશે જાણકારી આપી હતી. ત્યારબાદ તમામ કલાકારોએ શ્રી જલારામ ગૌશાળાની મુલાકાત લઈ સાંજે ૭.૦૦ કલાકે જલારામ ભોજનાલય ખાતે ભોજન પ્રસાદ લઈ પ્રસ્થાન કર્યું હતુ. ડીસાની મુલાકાત લઈ તમામ કલાકારોએ ધન્યતા અનુભવિ હતી.

# શ્રી સરસ્વતી બાલમંદિર મંડળ દ્વારા મોડાસા તાલુકા વકતૃત્વ સ્પર્ધા અને વ્યસન નિવારણ કાર્યક્રમ યોજોયો

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાની શ્રી સરસ્વતી બાલમંદિર મંડળ સંચાલિત શ્રી વી.એસ.શાહ પ્રા.શાળાના સંચાલક મંડળ ધ્વારા બાળકોમાં નેતૃત્વની ભાવના અને વકતૃત્વ કળા વિકસે તે માટે મોડાસા શહેરની શાળાઓના બાળકો માટે વિભાગ-૧ માં મને ગમતુ રામાયણનું પાત્ર , મહાભારતનું પાત્ર અને વિભાગ-૨ માં ધર્મ અને વિજ્ઞાન તથા વિજ્ઞાન વિના જ્ઞાન નહી વિષે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન થયું.

આ વિષયોમાં વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિને જાણે તેવો આશય રહેલો હતો. સ્પર્ધામાં વિવિધ શાળાઓના ૨૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જયારે આવરનારી પેઢી વ્યસનોથી દુર રહે અને વ્યસનોથી થતા રોગોની જાણકારી મેળવે તે માટે પ્રદર્શન યોજવામાં આવ્યું હતુ. આ પ્રદર્શનનો લાભ મોટી સંખ્યામાં બાળકો અને વાલીઓએ લીધો હતો.વકતૃત્વ સ્પર્ધામાં વિભાગ-૧ માં પ્રજાપતિ દીપ, શાલીન સગર, નગીના સલીમ તેમજ વિભાગ-૨ માં પંડયા વેદાંતી , સાક્ષી જોષી , પટેલ વાસુ ક્રમશ વિજેતા બન્યા હતા. મહેતા પલ્સ મીલના ચેરમેન રાજેન્દ્ર મહેતા અને સરસ્વતી બાલમંદિર મંડળના મંત્રી મનિષ તલાટીએ બાળકોને પ્રોત્સાહિત ઈનામો આપ્યા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન રાજેન્દ્ર મહેતા ધ્વારા શાળામાં અવાર-નવાર આવા કાર્યક્રમોનું આયોજન થાય તે માટે ભાર મુકયો હતો.

શ્રી સરસ્વતી બાલમંદિર મંડળના પ્રમુખ નિલેષભાઈ જોષીએ વર્તમાન પેઢીમાં વકતૃત્વ કળા , નિડરતા અને નેતૃત્વના ગુણો વિકસે તે માટે ભાર મુકયો હતો.બાળકોને પ્રોત્સાહીત કરવા મુખ્ય વકતા ડૉ.સંતોષ દેવકરે રામાયણ મહાભારતના પાત્રોના ઉદાહરણ આપી તમામને સરળ શૈલીમાં પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય જયેશ ઉપાધ્યાયે કર્યું હતુ. સ્પર્ધાના નિર્ણાયક તરીકે લો કોલેજના પ્રોફેસર ડૉ.અશોક શ્રોફ અને હેમાબેન ઉપાધ્યાયે જવાબદારી નિભાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા રત્નદીપ શાખાના આચાર્ય કિરણાબેન ત્રિવેદી, જયશ્રીબેન , હર્ષિદાબેન અમૃતભાઈએ જહેમત ઉઠાવી હતી. અંતમાં ભાવનાબેન ભાવસારે આભાર વિધી કરી હતી.વકતૃત્વ સ્પર્ધા અને વ્યસન નિવારણ કાર્યક્રમને વાલીઓ તેમજ અન્ય શાળાના શિક્ષકો અને મહેમાનોએ બિરદાવી હતી.



# મહેસાણા હાઈવે પરની સોસાયટીમાં ૨૫ હજારની ચોરી

મહેસાણા, તા. ૨૧

મહેસાણા ખાતે હાઈવે પર આવેલ કુળદેવીકૃપા સોસાયટીના એક બંધ મકાનના દરવાજાનું તાળુ તોડીને અંદરથી કોઈ તસ્કરો રૂપિયા ૬૫૦૦૦ ની મત્તાની ચોરી કરી ગયા હોવાનો બનાવ બનેલ છે.

અત્રે કુળદેવીકૃપા સોસાયટીમાં રહેતા વિષ્ણુભાઈ વિરચંદભાઈ પ્રજાપતિ સામાજીક પ્રસંગે પોતાના વતનમાં જવા માટે મકાન બંધ કરીને ગયા હતા ત્યારે રાત્રીના સમયે કોઈ તસ્કરોએ આ બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ મકાનના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી તિજોરી કબાટોમાંથી ૨૦ હજારની રોકડ રકમ તેમજ સોના ચાંદીના દાગીના મળી કુલ ૬૫૦૦૦ ની કિંમતની મત્તાની ઉઠાંતરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા.

આ બનાવ અંગે મહેસાણા તાલુકા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખળ કરી વધુ તપાસ આરંભી છે.

મહેસાણા જિલ્લામાં છેલ્લા ઘણા વખતથી મિલ્કત વિરૂદ્ધના ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધી જતાં લોકોની ઉંઘ હરામ થઈ ગઈ છે. જિલ્લામાં ગુનાખોરીની સાથે સમાજવિરોધી બદીઓએ પણ ભારે ઉપાડો લીધો હોઈ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી




પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન